નમસ્કાર ગાંધીનગર

પમરાટ

નાજુક, નમણા ને રળિયાત,
સંબંધ તો ઝાકળની જાત.
કારણ વિનાના કદી ભારણ વિનાના
ને કોઈ કોઈ તારણ વિનાના,
પ્હો ફાટે ઊઘડે પરભાત જેમ આભે ને
વસમા કોઈ મારણ વિનાના...
નરવા, નનામા, નવજાત,
સંબંધ તો ઝાકળની જાત...

- મહેશ શાહ

પાથેય

- રમેશ ઠક્કર

લેણદેણની તુલા...

સંબંધોની એક પરિભાષા હોય છે..એનોય અનુબંધ હોય છે..સામાન્યતઃ લાગણીની હરિયાળી પૃષ્ઠભૂમિ ઉપર એ ઊગી નિકળે છે.. સ્વાર્થની તડજોડથી ઉદભવતા સંબંધો નકામા ઘાસ જેવા હોય છે..લેણદેણ એ એનો પ્રાણ છે..લેખાજોખા એ વ્યવ્હાર હોઇ શકે..એવું કહેવાય છે કે અણીના સમયે કામ લાગે એ સાચા સંબંધ,બાકી બધા માનવીય પ્રબંધ! આપણી વચ્ચે લાગણીનો એક અતૂટ તાર હંમેશાં ધબકતો રહે છે..એ સંબંધો માટેનો વાહક બની જાય છે.

સુરેશ દલાલ એવું કહે છે કે' જે સંબંધમાં ઉકાળેલા પાણીનો સ્વાદ આવતો હોય એ સંબંધમાં મજા નથી..' સંબંધ એ નિતર્યા નીર જેવા હોય તો જ મજા આવે.એમાં જરીક પણ જો ખટાશ આવી જાય તો વરસો જૂની અકબંધ ઇમારત જેવા સંબંધો પળવારમાં ધરાશયી થઈ જતા હોય છે..દુનિયામાં કાટમાળ એ ફક્ત ભૌતિક ચીજોનો જ નથી હોતો..સંબંધોનાં પણ ખંડેરો હોય છે.

સંબંધ આપોઆપ પાંગરે છે..બાકી વેંઢારવા જેવા રિલેશન પણ હોય..સંબંધની એક ઇમાનદારી હોય છે જે ઉભયપક્ષે નિભાવવાની હોય છે..જે રિલેશનમાં પેશન નથી એ ફક્ત નિષ્પ્રાણ વ્યવસ્થા જેવા હોય છે..વિશ્વાસ એ સંબંધ માટે ઇનેમલ જેવું નૈસર્ગિક પડ છે....જે ગુમાવી દઇએ પછી ફરી એવો ચળકાટ આવતો નથી..આજનો માણસ બદલાતી ફેશનની જેમ રિલેશન પણ બદલી નાખતો હોય છે..સાચા સંબંધો નિસ્વાર્થ સ્નેહથી ઉદભવતા હોય છે..જેને નિભાવવાના નથી હોતા એ સહજપણે નીખરતા હોય છે..

પુસ્તકોની માફક રિલેશન પણ ઓલટાઇમ ગ્રેટ હોય છે...કેટલાક કામચલાઉ ધોરણે ચાલતા રહે છે..ઘણા સગવડિયા હોય છે...એમાં સુગંધ હોતી નથી .કેવળ આકર્ષક ગોઠવણથી સજાવેલા હોય છે..પરંતુ માનવજીવન ધબકતા નિસ્વાર્થ સંબંધોથી ટકી રહ્યું છે..સંબંધનો ઉદભવ સાહજિક હોય...અનાયાસ હોય..પણ એની માવજત મહત્વની વાત છે...સંબંધોની લેણદેણ હોય...એનું કોઇક નામ હોય...કેટલાક નામ વગરના પણ હોય..પરંતુ એનો ધબકાર વિશ્વાસ હોય છે..પ્રત્યેક સંબંધની એક પરિભાષા હોય છે..પ્રત્યાયન હોય છે..પવિત્રતા હોય છે..

હિંદુ સમાજને છંછેડવાની કવાયત ખતરનાક

તંત્રીસ્થાનેથી...

માનવીનું મન સંવેદનશીલ છે.એટલે જ એનામાં દયા, સહાનુભૂતિ, કરુણા અને નિઃસ્વાર્થ ભાવે અન્યને મદદરુપ થવાની ભાવના જાગે છે. એ જ મન છંછેડાય છે ત્યારે અંગારો વરસાવી શકે છે. એનો ગુસ્સો કાબૂમાં ન રહે ત્યારે એ જઘન્ય અપરાધ આચરી બેસે છે. ધર્મ નામની વિભાવના માનવીની આ સંવેદનાત્મક મનોવૃત્તિઓ પર નિયંત્રણ મૂકવા માટે શોધાઈ હશે. પ્રાણી જગતને એવો કોઈ ધર્મ-સંપ્રદાયનાં બંધનો નથી. પરંતુ પ્રેમ, દયા, કરુણા જેવી સદ્વૃત્તિઓ હિંસક જાનવરોમાં પણ જોવા મળે છે. સવિશેષ માતૃત્વની લાગણી તો પ્રાણીજગતમાં પણ માનવી જેટલી જ વિકસેલી જોવા મળે છે. કૂતરી મા વગરના ગલૂડિયાને ધવડાવે છે. જેનો શિકાર જ કરવાનો હોય એવો છૂટા પડી ગયેલા મૃગશાવકને સિંહણ વહાલ કરી શકે છે. ધર્મની વિભાવનાએ માનવીને અજાણતાં જ કેટલાંક બંધનોમાં પૂરી દીધો છે. મુસલમાનો ખુદા કે પયગંબર વિશેની ટિપ્પણી સહન કરી શકતા નથી. એમને ગળથૂથીમાં જ એવો પાઠ પિવડાવી દેવાયા હોય છે જેથી તેઓ એ સંદર્ભે કોઈ ઠઠ્ઠા મશ્કરી કે મજાક સહનનથી કરી શકતા. સીધા જ સિર કલમ કરવાની સજા ફરમાવે છે. ઈસ્લામિક દેશોમાં આ સજા સરકાર અને અદાલતો મારફત અમલી બનાવાય છે અને બિન ઈસ્લામિક રાષ્ટ્રોમાં શરિયતનો કાનૂન લાગુ નહીં પડતો હોઈ મુલ્લાં-મૌલવી કટ્ટરવાદનું ઝેર ફાઈ તૈયાર કરેલા અને જાનફેસાની માટે તત્પર છોકરાઓ મારફત આ કામને અંજામ આપે છે. ઈસ્લામનો પાયાનો સિદ્ધાંત તો માણસ માત્રને પ્રેમ કરવાનો છે પણ 'ઈશનિંદા'ની વાત આવે છે ત્યાં એ સજા-એ-મૌતને ન્યાયોચિત ગણે છે. હિંદુ ધર્મ એક જ એવો ધર્મ છે જેમાં દેવી-દેવતાઓ કે ઈશ્વરના અવતારો વિશે જેને જે માનવું હોય તે માની શકે છે. ઈશ્વરના અસ્તિત્વનો ધરાર ઈન્કાર કરનાર પણ હિંદુ હોઈ શકે છે. હિંદુ ધર્મમાં ઈશ્વરનો સ્વીકાર ફરજિયાત નથી. ઈસ્લામમાં નમાજ સહિત જે પાંચ ફરજો નક્કી કરાઈ છે એવી કોઈ ફરજ પણ હિંદુ ધર્મમાં માનનારા પર લાદવામાં નથી આવી. ઈશ્વરની લીલાનાં વિવિધ સ્વરુપોમાં દેવાધિદેવ મહાદેવ અને જગજ્જનની પાર્વતીની રતિક્રીડાથી લઈ રાધાકૃષ્ણની રાસલીલાનું આનંદપ્રદ ગાન થતું રહ્યું છે. આથી પ્રેરાઈને હિંદુ દેવીઓનાં નગ્ન ચિત્રો અને કામુક શિલ્પો સુદ્ધાં સાંસ્કૃતિક વિરાસતમાં સામેલ થયાં છે. પરંતુ આટલી ઉદારતા હિંદુત્વના કટ્ટર સમર્થકોને જીરવવી આકરી પડવા લાગી ત્યારથી ચિત્રકાર એમ.એફ.હુસૈન જેવા સેલિબ્રિટીને સ્વૈચ્છિક દેશવટો વહોરવાની ફરજ પડી હતી તે ઘટના હિંદુત્વના સંકુચિત છતાં સાંસ્કૃતિક પરિવેશનું એક કમનસીબ પ્રકરણ છે. એ પછી ઈસ્લામિક કટ્ટરતાના અનુકરણમાં સરેરાશ હિંદુ પણ કટ્ટર બનતો ચાલ્યો છે. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગદળ જેવી સંઘની શાખા-પ્રશાખા આ કટ્ટરવાદને ધાર કાઢતી રહી છે. તાજેતરમાં કેનેડા ખાતે રજૂ થયેલી 'કાલી' શીર્ષક હેઠળની ડોક્યુમેન્ટરીમાં કાલી માતાને સિગારેટ ફૂંકતા બતાવાયાં છે. વળી એમનાં એક હાથમાં સમલૈંગિકોના સમર્થનનો ઝંડો પકડાવાયો છે. દેખીતું છે કે જયારે પાવાગઢનાં મહાકાળીના મંદિરનો જીણોદ્ધાર કરી દેશમાં હિંદુત્વવાદી વડાપ્રધાન પાંચસો વર્ષ પછી ધજા ફરકડાવતા હોય ત્યારે તમિલનાડુના મદુરાઈમાં જન્મેલી મહિલા કલાકાર કેનેડા જઈ કાલીને આવા હાસ્યાસ્પદ સ્વરુપમાં રજૂ કરે એથી ભક્તોની જ નહીં, સામાન્ય હિંદુ નાગરિકની લાગણી પણ દુભાય જ. આવા કલાપ્રયોગો કયારેક લોહિયાળ અંજામ આણી શકે. કાલીનું અપમાન કલાના ઓઠા હેઠળ જીરવવું અઘરું જ લાગે. મોરારિ બાપુ હનુમાનજીના પરાક્રમી સ્વરુપને બદલે ધ્યાનસ્થ મુદ્રાવાળુ સ્વરુપ પસંદ કરે અને પોતાના ગામના રામજી મંદિરમાં રામ પાસેથી ધનુષબાણ લઈને એમના હાથમાં કમળ પકડાવે તે અલબત્ત ક્રિયેટીવ અને પોઝીટીવ આઈડિયા હોઈ શકે પણ જનસાધારણ માટે તો ડુંગરો લઈને ઊડતા હનુમાન અને ધર્નુધારી રામ જ સ્વીકૃત રહેવાના ધર્મમાં ચેડાં જેટલાં ઓછાં થાય એટલાં સારાં !

જોવા જેવી વેબસિરીઝ : 'શી'

મન-રંજન
દ્વનિલ પારેખ

અત્યારે વેબસિરીઝનો જમાનો ચાલી રહ્યો છે. દિલધડક વેબસિરીઝ મનોરંજનનું અત્યારે ઉત્તમ માધ્યમ બની રહ્યું છે. સામાન્ય રીતે વેબસિરીઝ એટલે બધા જ પ્રકારનો મસાલો અને આ અંગે આપણી અ ા કોલમમાં અગાઉ ચર્ચા કરી ચૂક્યા છે. રાજકારણ, રહસ્ય, મર્ડર, મિસ્ટ્રી એ વેબસિરીઝના ગમતા વિષયો છે. પણ આવી વેબસિરીઝની વચ્ચે કયારેક જુદા વિષય વાળી વેબસિરીઝ આવી જાય છે અને એ જોવાની મજા પણ પડે છે. વળી, વેબસિરીઝમાં એકત સીઝનથી હવે કામ પતતું નથી. કેટલીયે વેબસિરીઝ એવી છે જેની બેથી વધુ સીરીઝ આવી ગઈ છે અને હવે ત્રીજી આવવામાં છે. 'આશ્રમ' (૩ સીઝન), એકથી બેઘમ (બે સીઝન), હે પ્રભુ (બે સીઝન), પંચાયત (બે સીઝન),

સીટી ઓફ ડ્રીમ્સ (બે સીઝન), ક્રિમિનલ જસ્ટિસ (બે સીઝધન, આર્યા (બે સીઝન) વગેરે ઘણી બધી વેબસિરીઝ એકથી વધુ સીઝનમાં ચાલી રહી છે. એમાં 'આશ્રમ' જેવી સીરીઝ જોતા લાગે કે દિગ્દર્શક પ્રકાર ઝા રબ્બરની માફક એને ખેંચી રહ્યા છે.

આ બધા વચ્ચે 'શી' વેબસિરીઝ નેટફ્લિક્સ પર જુદા વિષયવસ્તુવાળી ધ્યાન ખેંચે છે. એની બીજી સીઝન હમણાં રજૂ થઈ છે. અહીં પણ પોલીસ, ડ્રગ્સ, માફિયા, ડૉન આ બધી જ વાતો છે. પણ પોલીસ કોન્સ્ટેબલ ભૂમિની ભૂમિકા આ બધામાં અલગ તરી આવે છે. ઈમ્તિયાઝ અલી દિગ્દર્શિત આ વેબસિરીઝમાં મરાઠી અભિનેત્રી અદિતિ પોહનકરે (ભૂમિ) ની સશક્ત ભૂમિકામાં છે. આ અભિનેત્રી જ 'આશ્રમ' માં પમ્મી પહેલવાન બની ભૂમિકામાં પણ સશક્ત અભિનય કરી રહી છે. પોલીસ કોન્સ્ટેબલ ભૂમિને માફિયા નાયકને પકડવા માટે ગુપ્તચર તરીકે એસ્કોટર બનાવીને મોકલવામાં આવે છે. ભૂમિના ઘરના પણ અંગત પ્રશ્નો ઘણા છે.

છતાં એ આ કામ માટેનં બીડું ઝડપે છે. નાયકના સંપર્કમાં આવે છે એનો વિશ્વાસ જીતે છે અને નાયક ધીમે ધીમે એની આખી કાર્યપદ્ધતિ એને વાકેફ કરાવતો જાય છે. ભૂમિ બધી હકીકત પોલીસ સુધી પહોંચાડે છે ને એજ તબક્કે ભૂમિને કહેવામાં ઓ છે કે હવે એણે આ કામ કરવાનું નથી. 'શી' વેબસિરીઝમાં અહીં મોટો વળાંક આવે છે. જે અનપેક્ષિત હોય છે એ વળાંકને કારણે આ વેબસિરીઝ અન્ય વેબસિરીઝથી અલગ તરી આવે છે. મરાઠી અભિનેત્રી અદિતીએ સંકુલ લાગતી આ ભૂમિકા બખૂબી નિભાવી છે. દિગ્દર્શકે પણ નાયક અને ભૂમિ વચ્ચેના અંતરંગ સંબંધોને કુશળતાથી રજૂ કર્યા છે. જરા મંથર ગતિ આ સિરીઝ આગળ વધે છે પણ કશુંક નવું જોવા માગતા હોય એમણે નેટ ફ્લિક્સ પરથી સિરીઝ 'શી' જોવા જેવી છે.

લ્યો મારી પ્રસિદ્ધિની શરૂઆત થઈ ગઈ 'પંખુડી' પર પરસ્પર કંઈક વાત થઈ ગઈ ભ્રમર મંડરાયા અલગ મિજાજે ક્ષણિક કિન્તુ ખારાશ ભેળવવા મથે દુશ્મનો અને જાત મહેકતી થઈ જાય એમ પણ બને...

એમ પણ બને
પારૂલ અમિત

આપણે બધા જન્મથી લઈને અત્યાર સુધી માત્ર પ્રસિદ્ધિ અને સફળતા પાછળ જ દોટ મુકતા આવ્યા છીએ. પણ એ મેળવી લીધા પછી શું?

સામાન્ય રીતે ''સફળતા''અને પ્રસિદ્ધિને આપણે સાચા અર્થમાં માપી શક્યા નથી.

ખરેખર તો એનો કોઈ માપદંડ છે જ નહીં. બીજા સાથે ની સરખામણી ને આપણે સફળતા કહીએ છીએ.મોટા ભાગે આપણે આપણા માટે કંઈ કરતાં જ નથી, બીજાને દેખાડવા કે નીચા પાડવા એ જ લક્ષ્ય હોય છે.

સાચો લક્ષ્ય આપણે જાણતા હોતા નથી.

મોટેભાગે આપણે બીજા કરતાં ક્યાં ઉભા છીએ, તેના આધારે આપણે સફળતા માપીએ છીએ.

પરંતુ સફળ લોકો ખુશ ઓછા અને તણાવગ્રસ્ત વધુ હોય છે, અને જે લોકો એટલા સફળ નથી તેમના કરતા વધારે વેદના ભોગવે છે,કારણ એ હોઈ શકે કે જીવનનો સાચો હેતુ અને સફળતા માટે પસંદ કરેલા રસ્તા.

અમુક લોકો સફળતાને પૈસા સાથે તોલે છે. પૈસા ને સફળતા સાથે કોઈ તાલમેળ ખરો?

સફળતાનો મતલબ તમે ઊંચા સ્થાને બેઠા છો બીજા કરતાં એટલું જ માત્ર.

આપણે સફળતાને સામાજિક વલણો, શૈક્ષણિક લાયકાત અથવા કૌટુંબિક પૃષ્ઠભૂમિના પેરા મીટરના આધારે માપતા આવ્યા છીએ.

શું તણાવ અને કષ્ટને સફળતા અથવા નિષ્ફળતા લેવા દેવા છે?

સાચા અર્થમાં આપણે જે કામ કરીએ છીએ, તેના લીધે તમે તણાવમાં હોતા નથી, પણ એને પ્રાપ્ત કરવાના રસ્તા અને આખરે જોઈએ છે શુ આપણને એ અજ્ઞાનતા છે.

જો કોઈ વ્યક્તિ પોતાના પર ચોક્કસ રોકાણ કરવા ઈચ્છે, તો આ પરિમાણ સરળતાથી મેળવી શકાય છે. પોતાના પરનું ચોક્કસ રોકાણ એટલે જીવનનું લક્ષ્ય.પણ એ લક્ષ્ય આપણું હોવું જોઈએ બીજાને માટે કે બીજાએ આપેલ નહીં.

બીજાની ખુશીઓ માટે મેળવેલ સફળતા હોઈ શકે પણ સંતોષનું કારણ ના હોઈ શકે.

છતાં તમને એવું લાગતું હોય કે જે તમે કરો છો તે ખુબ મહત્વનું છે બીજા માટે તો તમારે પોતાના ઉપર કામ અવશ્ય કરવું જોઈએ.

મોટા ભાગના મનુષ્યો વિચારો, ભાવનાઓ, કલ્પનાઓ, લાગણીઓ,અને પૂર્વાગ્રહોનું જાણે એક કોથળો બની ગયા છીએ. આનો અર્થ એ છે કે મનો વૈજ્ઞાનિક નાટક આપણા જીવન પર હાવી થઈ ગયું છે.

મોટા ભાગે આપણે ફક્ત જીવન વિશે વિચાર કરતાં હોઈએ છીએ, પણ તેને જીવતા નથી.

આપણે જીવન જીવવા પૃથ્વી પર આવ્યા છીએ નહીં કે ,તેના વિશે વિચારવા.

શું જીવન જીવવા માટે ભિન્ન પ્રકારના હેતુઓ શોધવાની જરૂર છે? જો તમે આ જીવનને તેની પૂર્ણતામાં અનુભવશો, તો જીવન જાતે જ એક હેતુ છે એ અનુભવશો.એને સફળતા સાથે કે હરીફાઈ સાથે કોઈ લેવા દેવા નથી. સફળતાનો અર્થ છે કે જે બીજા કરતાં કંઈક શ્રેષ્ઠ તમારી પાસે છે.

પણ જો આને હંમેશા કાયમ રાખવું હોય, તો તમારે કાયમ એ સુખદ સ્થિતિનો અનુભવ કરવો જોઈએ.

અને આ શક્ય છે સકારાત્મક વિચારો થકી.

સકારાત્મક વિચારો એ સફળતાની ચાવી છે.

સકારાત્મક વિચારો એટલે એવા વિચારો જે મનુષ્યના મનને શાંતિ અને સાચી સમજ આપે છે. દરેક મનુષ્યએ પોતાના જીવનમાં સકારાત્મક વિચારોને ગ્રહણ કરવાજ જોઈએ કારણ કે તે દ્વારા મનુષ્યને પોતાના કાર્યમાં આવતી કોઈપણ પ્રકારની મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો માર્ગ મળે છે અને સફળતા પ્રાપ્ત થાય છે.

સફળતા એટલે શું?

સફળતાની વ્યાખ્યા કોઈ સફળ માણસે જ આપી હશે? શું ''સંપત્તિ, દરજ્જો કે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવું આને સફળતા કહેવાય.

ઘણા મહાન (સંત)પુરુષોએ પોતાના જીવનકાળ દરમિયાન કોઈ ભૌતિક સંપત્તિ કે ઉચ્ચ દરજ્જો મેળવ્યો ના હોવા છતાં એમની ગણતરી સફળ વ્યક્તિમાં થાય છે.

આપણે સ્કૂલે ગયા, કોલેજ ગયા અને આપણા બાળકોને પણ મોકલ્યા -સફળ થવા? કદાચ ના

નાણાકીય જવાબદારીઓ પૂરી કરવા માટે આર્થિક રીતે સદ્ધર બનવા. દુનિયા બીજા થી તુલના કરીને સફળતાની વ્યાખ્યા નક્કી કરે છે.

સફળતા નો મતલબ એ છે કે તમે તમારી આજુબાજુ માં દોડી રહેલા વ્યક્તિથી વધારે ઝડપથી દોડી રહ્યા છો માત્ર એટલું જ.

જો તમે જીવન તોડ્યા-મરોડયા વિના એના વાસ્તવિક રૂપ માં જોઈ શકો. તો તેને સારી રીતે ચલાવવાની જરૂરી બુદ્ધિમતા તમારી પાસે છે એમ કહી શકાય.

જિંદગીને આનંદપૂર્વક અને નિશ્ચિત રૂપ થી સારી રીતે ચલાવી જ શકાય.

જો તમે તેને સરખી રીતે તેને ચલાવી શકતા હોવ તો લોકો કહશે કે તમે સફળ છો.

સધગુરુના પ્રવચનમાં સાંભળેલું એક ઉદાહરણ-

એકવાર શેરલોક હોલ્મસ અને વોટસન પર્વત પર કેમ્પીંગ કરવા ગયા હતા. રાત પડી ગઈ અને તેઓ સુવા માટે ગયા.મધ્યરાત્રીએ શેરલોક હોલ્મસે વોટ્સનને ઢંઢોળ્યો અને વોટસને આંખો ખોલી.

શેરલોકે પૂછ્યું , ''તને દેખાય છે?''

વોટસને ઉપર જોયું અને કહ્યું,'' ચોખ્ખું આકાશ અને પુષ્કળ .''ઘણા બધા તારાઓ

શેરલોક હોલ્મેસે પૂછ્યું,'' તમારી મતે આનો શું અર્થ છે?

વોટસને જવાબ આપ્યો, તેનો અર્થ એ છે કે આવતીકાલનો દિવસ ખુશનુમા અને મજાનો રહેશે .

તમારી માટે શું અર્થ થાય છે?''

શેરલોકે કહ્યું, તેનો અર્થ એ છે કે ,કોઈએ આપણો ટેન્ટ ચોરી લીધો છે. બસ તમે જીવનને જે છે તે રીતે જુઓ છો એ રીતમાં જ તમે જીવન બધાજ પાસાને સફળતાપૂર્વક પાર કરી શકો. નહિ તો તે લપસવાની પ્રક્રિયા બની જશે.

માટે સફળતા ની ખોજ ન કરો , બસ ક્ષમતાની ખોજ કરો જેથી પોતાને ઉચ સ્તર પર પહોચાડવાનો રસ્તો શોધી શકાય.

જો તમે પુરેપુરા સક્ષમ હશો તો જ્યાં પણ જશો ત્યાં સફળ થશો. જો તમે ખૂબ જ સમર્થ હોવ અને તમેં તમારી જાતને સક્ષમતાના ચોક્કસ પાસાં સુધી વિકસાવો તો,સફળતા એ તમારા જીવનનો ધ્યેય નથી..

તમે દુનિયા પાસે જાવ તેના કરતા લોકો તમારી પાસે આવે એજ સફળતા.

રોલાં પાડવા એ સૌનો જન્મસિદ્ધ અધિકાર છે...

જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

Nambar Dey Keja . . . ફેસબુક ઉપર જોયેલાં હજારો પ્રોફાઈલ્સમાં ક્યાંક ને ક્યાંક દરેકનો ફોટો કોઈ જક્કાસ વાહન સાથે જોવા મળશે જ. ઘણાના આવા પ્રોફાઈલ્સ અને ફોટામાં સ્પષ્ટ દેખાઈ આવે કે આ ભાઈ કે બહેન પાસે પોતાની 'આઉડી', 'જીપ', 'જગ્વાર' કે સોનાની ધૂંસરા જેવી ચેન સિવાય રોલાં પાડવાનું અન્ય જરૂરી સ્ટફનો અભાવ છે ! આ વાત અમને બાળપણમાં સમજાવી દેવાઈ હતી કે રોલાં પાડવા માટે બાહ્ય આડંબરોની જરૂર નથી, પણ આંતરિક શક્તિ એવી વિકસાવો કે આ બધા વગર પણ રોલાં પડે . . . આ ગીનાન અમને મહદઅંશે ઉતર્યું છે એવો અમને ભ્રમ ખરો !!!

ગામડાંમાં વીતેલું બાળપણ ભલે ભૌતિક અભાવોથી ભરેલું હતું, પરંતુ સહજ વિસ્મય અને કુતુહલ પણ હતું . . . અમારા નાનકડા ગામમાં હાઈસ્કૂલ જવાના રસ્તે આવતા એક પટેલના મેડીબંધ મકાનમાં બ્લેક એન્ડ વ્હાઈટ ટીવી આવેલું. ટીવી શુ ચીજ છે એ જોવા અમે એમની બારીએ લટકીને પ્રથમવાર જોયેલું. એ જ રીતે સાયકલ પણ લક્ઝરી ગણાતી. કોઈ સાયકલ "છોડાવતું" હોય એ જોવા ગામના નાના-મોટા અને ટણક ટોળી દુકાન બહાર એકઠી થઈને કુતૂહલપુર્વક બે ત્રણ કલાક સાયકલના સાજ શણગાર થતા જોઈ રહેતા. અમે એવા દિવાસ્વપ્નો પણ જોતા કે "સાયકલ સ્ટોર"ના માલિકના થડાની બાજુમાં અમે પણ ખુરશી નાખીને બેઠા છીએ અને અમારી નજર સામે અમારી સાઈકલ તૈયાર થઈ રહી છે અને ગામના લોકો જોઈ રહ્યા છે . . . સાયકલને અને અમને બન્નેને . . .

અમારું આ સપનું દસમા ધોરણમાં હતા ત્યારે પિતાજીએ પૂરું કરેલું. એ પણ લાલ ચટ્ટાક "સ્પીડકિંગ" અને અધૂરામાં પૂરું ચેન કવર પર આકર્ષક રીતે અમારું નામ પિતાજીએ જાતે લખી આપેલું "ધર્મેન્દ્ર ત્રિવેદી" ! એ સાયકલે અમને અમરેલી તો નહીં, પરંતુ વડીયા દેવળી ગામે "ઈક્કત" અપાવ્યાનું યાદ છે. એ પછી આવ્યું કાઈનેટિકનું "લુના" જે અમને પેટ્રોલ ભરાવવા અથવા ઘરના ટાંપા ટૈયા કરવા મળતું ! વાહનો બદલાતા ગયા, સમય વહેતો ગયો અમે સ્કૂટર, બાઈક, ઈટર્નો અને અંતે વેગન-આર અને આજે સ્વીફ્ટ ડિઝાયર અને લાલ કલરના ધક ધકના માલિક છીએ ! પરંતુ કાર કે બુલેટ ખરીદતી વખતે એ આનંદ, હરખ અને કુતુહલ નહોતા જે પાનેલી મોટીના બસ સ્ટેન્ડ ચોકમાં આવેલા સાયકલ સ્ટોર પર બીજાની સાયકલ તૈયાર થતી જોવામાં હતાં !

હમણાં નાનાભાઈને બુલેટ ફેરવવાના ધખારા ઉપડેલા અને સામે "બદલો લેવાની ભાવના"થી હું એની બોલેરો લઈને ઓફિસે જતા આવતા રસ્તામાં કારણ વગર ગાડી પાર્ક કરીને "રોલાં" પાડવાની ટ્રાયુ કરતો રહ્યો. રોલાં પડ્યા છે કે નહીં ઈ તો ભગવાન જાણે, પણ બોલેરોના બોનેટ સામે ઉભા રહીને ફોટો પડાવ્યા બાદ મને બે ઘટના યાદ આવી ગઈ. સેક્ટર ૨૧ માં આવેલા સર્વપ્રિય પપ્પુ ટી સ્ટોલ પર એક જવાન મળી ગયેલો. કાળા પેન્ટ ઉપર અગડમ બગડમ લખાણો અને ઉપર પહેરેલા ફ્લોરોસેન્ટ લાલ અને ઝેરી લીલા રંગના ટી-શર્ટ પર દરેક હસીનાને કહેતો હોય એમ દ્રઢ્ઢહ્લઢ્ઢ ઢ્ઢીઅ દ્બીદ્બઢ્ઢ "નંબર દે કે જા" લખેલું ! મને થયું . . . આ ટીશર્ટ મારે પહેરવાનું આવે તો ? ત્યાં જ મને દસમા ધોરણના મારા કમબખ્તીના દિવસો યાદ આવ્યા. આર્થિક હાડમારી, મામાના ઘરે રહી ભણવાની પરતંત્રતા અને ગાલે નવા નવા ઉપાસેલા બે ચાર ખીલના કારણે, મને ખિસ્સામાં રેશમી (નાયલોનાનો) રૂમાલ રાખવાનું ભૂત ઉપડેલું અને રીતસરનું વેન કરીને લેવડાવેલો. સ્કૂલ જતા આવતા શર્ટના આગળના ખિસ્સામાં ડોકિયા કરતો એ રેશમી રૂમાલ અમારી શાનમાં ચાર ચાંદ લગાવતો અને તમામ નવયૌવનાઓ જાણે મને જ જોઈ રહી છે (એવું મને લાગતુ!).

મારા રૂમાલના રોલાં યાદ આવ્યા પછી મેં "નંબર દે કે જા"ની નજરે વિચારવાનો પ્રયાસ કર્યો તો સમજાયું કે મર્યાદિત આવક, જીવનમાં ઢગલો એક હાડમારીઓ હોય તો? પોતાના સામાજિક પર્યાવરણમાં આવું ટીશર્ટ, લાલ કલરના ચળકતા બુટ અને ગળે વીંટાળેલા રેશમી રૂમલનું મહત્વ મને સમજાઈ ગયું. આજે ભલે અમે ધક ધક બાઈક ઉપર, ડિઝાયર અને બોલેરોની આગળ ઉભા રહીને ફેસબુક ઉપર રોલાં પાડવાનો ખામ-ખાં પ્રયત્ન કરતાં હોઈએ, પણ 'રેશમી રૂમાલ' અને 'નંબર દે કે જા' પહેરીને અંદરથી આવતી મોજ તો નથી જ અનુભવાતી !!!

હેન્ડબ્રેક :

'વાઘમશી કે હું વાઘ, ને બીજા બધાં દીપડાં,
મારી આંખે કાજળ, ને તારી આંખે ચિપડાં ?'

- ગામઠી ઉક્તિ

Cell : ૯૯૭૮૪૦૫૯૬૭
djtrivedi@gmail.com

દિન મહિમા

- રણવીર સિંહનો જન્મ દિવસ, ભારતીય ફિલ્મ અભિનેતા.
- જગજીવન રામની પુણ્ય તિથિ, ભારતીય વકીલ અને રાજકારણી, ભારતના ૪થા નાયબ વડા પ્રધાન
- ધીરુભાઈ અંબાણીની પુણ્ય તિથિ, ભારતીય ઉદ્યોગપતિ

આજનું

ઔષધ

- તુલસીનો રસ ૩ ગ્રામ, આદુનો રસ ૩ ગ્રામ, એક ચમચી મધ સાથે લેવાથી શ્વાસ મટે છે.

ખડખડાટ

- અમેરિકન : અમારે ત્યાં વરસાદ પછી તરત જ રોડ પરથી પાણી ગાયબ... ભારતીય : અમારે ત્યાં વરસાદ પછી પાણીમાંથી રોડ જ ગાયબ....

આજનું

વોટ્સએપ

- આપના બાળકોને કુદરતના ખોળે રમવા દો કેમ કે મે "વડની વડવાઇ" એ રમી ને મોટા થયેલાં ને કોઈ દિવસ "દોરડે લટકતાં" નથી જોયા...